ગુજરાતમિત્ર

ગતિવિધિ

લાયન્સ ક્લબ ઓફ સ્ટેડિયમ દ્વારા પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અનાજની કીટ વિતરણ કરાયું

વડોદરા : વાકળ સેવા કેન્દ્ર પ્રાંગણમાં તેમના સહકાર સાથે, લાયન્સ ક્લબ ઓફ સ્ટેડિયમ, વડોદરા અને અટલ સેવા સંઘ તેમજ પ્રજ્ઞાચક્ષુ યુનિયન ધ્વારા પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અનાજની કીટ વિતરણ અને સંગીતનો પ્રોગ્રામ યોજાયો તા. 31/12/2024ના વાકળ સેવા કેન્દ્ર પ્રાંગણમાં તેમના સહકાર સાથે, લાયન્સ ક્લબ ઓફ સ્ટેડિયમ, વડોદરા અને અટલ સેવા સંઘ તેમજ પ્રજ્ઞાચક્ષુ યુનિયન ધ્વારા પ્રજ્ઞાચક્ષુ પરિવારોને અનાજની કીટ વિતરણ અને સંગીતનો પ્રોગ્રામ યોજાયો હતો જેમાં ડો ચૈતન્ય બુચ, ડો હિતેન્દ્ર પ્રભુદાસ પટેલ પૂર્વ સ્થાઈ ચેરમેન, ડો પ્રકાશ પાઠક, નિલેશભાઈ પટેલ, ગિરિભાઈ, શેઠભાઈ,મનોજ શાહ વોર્ડ 5 ભાજપ પ્રમુખ તેમજ અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને સાથે 'સેવ ફૂડ' વિષય ઉપર ઓછી વસ્તુઓ બનાવવી જેથી અન્ન, આર્થિક અને તંદુરસ્ત શરીરનો બચાવ થશે તે અંગેની જાગૃતિ આપવામાં આવી હતી.

માંજલપુર ખાતે જયેશ શિતોર્યુ કરાટે ફેડરેશન દ્વારા યુવા સી.એ. પ્રિયાશી પંડ્યાનુ સન્માન કરાયું

વડોદરા : શહેરના માંજલપુર વિસ્તારમાં શિતોર્યુ કરાટે ફેડરેશન દ્વારા અધ્યક્ષ હેતલ ધાયબર, જયેશભાઇ ધાયબર રેખાબેન પંચાલ દ્વારા કરાટેના વર્ગ ચલાવવામાં આવે છે અહીંથી ઘણા ખેલાડીઓએ દેશ વિદેશમાં અનેક ખ્યાતિ મેળવી વડોદરાનું ગૌરવ વધાર્યું છે. માંજલપુરમાં જયેશ શિતોર્યુ કરાટે ફેડરેશન પણ નાના મોટા બાળકોને રમતગમત ક્ષેત્રે આગળ લાવવામાં મહત્વનું યોગદાન તો આપી જ રહ્યું છે સાથે સાથે બાળકોમાં શિસ્ત તથા આત્મરક્ષા કેળવવામાં તથા તેઓના અંદર રહેલી પ્રતિભાને બહાર લાવવાનું ભગીરથ કાર્ય પણ કરી રહ્યું છે તો બીજી તરફ શહેરના પ્રેરણાદાયી લોકોને સન્માન આપવાનું પણ ચૂકતા નથી ત્યારે તાજેતરમાં જ શહેરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ની પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર સૌથી યુવા એવા પ્રિયાશી પંડ્યા તથા તેમના માતા પિતા નું જયેશ શિતોર્યુ કરાટે ફેડરેશન દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું

સંત નિરંકારી મિશન દ્વારા આયોજિત શિબિરમાં યુનિટ 300 યુનિટ રક્ત એકત્રિત કરાયું

વડોદરા : નિરંકારી સદગુરુ માતા સુદીક્ષાજી મહારાજના આશિષ થકી આર્ય એમ્પાયર ની પાછળ, અક્ષર પેરેડાઈઝ ની પાસે અટલાદરા વડોદરા સ્થિત સુંદર રકતદાન શિબિરનું રવિવારના રોજ આયોજન કરાયું હતું.રકતદાન શિબિરનું ઉદઘાટન વડોદરા ઝોનના ઝોનલ ઈન્ચાર્જ બલજીતકૌરજી ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. સાથે અમદાવાદના પ્રચારક સંત સચીન ચાવલજી તથા વડોદરા બ્રાન્ચ સંત નિરંકારી મંડળ ના સંયોજક ભાવેશ ચેલાણીજી ઉપસ્થિત રહ્યા હતા. સદગુરુ બાબા હરદેવસિંહજી મહારાજ એ એક નવી સેવા સંત નિરંકારી મિશનના સમાજ કલ્યાણ વિભાગની સાથે જોડીને સંદેશ આપ્યો રક્ત નાલિયો મેં નહીં પર નાડીયો બહે. ૧૯૮૬ થી આ સેવા પ્રારંભ થઈ આજે પુરા વિશ્વમાં નિરંકારી મિશન વર્ષમાં બે વખત રકતદાન શિબિરોનું આયોજન કરે છે.રક્તદાન શિબિરમાં કુલ યુનિટ ૩૦૦થી વધું રક્ત એકત્રિત કરી સેવા કાજે (S.S.G)ની બ્લડ બેન્ક ને સુપ્રત કરવામાં આવ્યું.

આર્ટસ ફેકલ્ટીમાં ભારતીય વિદ્યાર્થી મંચ દ્વારા 500 યોદ્ધાઓને યાદ કરી પુષ્પાંજલિ અર્પણ



વડોદરા : વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની આર્ટસ ફેકલ્ટીમાં BVM ગ્રુપના અધ્યક્ષ વિનય સોલંકીની આગેવાનીમાં 1 જાન્યુઆરી 1818 માં રચાયેલ ઈતિહાસમાં 500 મહાન યોદ્ધાઓ દ્વારા સમાન, સ્વાભિમાન અને પોતાના અધિકારો અને પૂર્વજોને દબાયેલ કુરીતિઓના વિરોધમાં ભીમા નદીના કાંઠે 28000 હજારની સેનાને પરાજિત કર્યા હતા. જેના અનુસંધાનમાં આર્ટસ ફેકલ્ટીની અંદર ભારતીય વિદ્યાર્થી મંચ દ્વારા તે 500 મહાર યોદ્ધાઓને યાદ કરી અને પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

13 વર્ષનો કિશોર 4 દિવસ પહેલાં ગુમ થયો હતો, ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકો બાદ મૃતદેહ મળ્યો

બોડેલીના બામરોલી (વા) ગામે અપહ્યુત કિશોરની કમર પર લોખંડનો તાર વિંટાળેલી લાશ મળી, હત્યાની શંકા

બામરોલીના અપહરણ કરાયેલા કિશોરનો તેના ઘર નજીકના કુવામાંથી મૃતદેહ મળી આવતા ચકચાર

(પ્રતિનિધી) બોડેલી,જાંબુઘોડા તા.1 બોડેલી તાલુકાના બામરોલી (વા) ગામે બામણ ફળિયામાં રહેતા સંજયભાઈ પુનાભાઈ રાઠવાના 13 વર્ષના પુત્ર હિમાંશુનું અપહરણ અજાણ્યા શખ્સોએ કર્યાની બોડેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી. ફરિયાદ નોંધાયાના ગણતરીના કલાકો બાદ બામણ ફળિયામાં આવેલ ખેતરના એક કૂવામાંથી હિમાંશુનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી ગઈ હતી. બોડેલી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મૃતદેહના ફોરેન્સિક પેનલ પોસ્ટમોર્ટમ કરાવવાની ગતિવિધિ હાથ ધરી છે.

બામરોલી (વાલોઠી) ગામે રહેતા સંજયભાઈ પુનાભાઈ રાઠવા રાજસ્થાનના પાલી જિલ્લાના હાથલાઈ ગામે ગૌતમ કિરણ ધામ જૈન મંદિરમાં છેલ્લા કેટલાક સમયથી રહે છે. ગત તા.29 ડિસેમ્બરના રોજ રાત્રે 8:30 વાગે સંજયભાઈ ના 13 વર્ષના પુત્ર હિમાંશુ રાઠવા ગુમ થઈ ગયા હતા. ગુમ થયેલા હિમાંશુ ની શોધખોળ માટે પરિવારજનો અને સગાઓએ ખૂબ જ પરિશ્રમ કર્યો હતો. બામરોલીથી છેક સુખી ડેમ સુધી હિમાંશુ ની તપાસ હાથ ધરાઈ હતી. 29 મી તારીખે ગુમ થયેલા હિમાંશુ અંગે તેમના પિતા સંજયભાઈ ને જાણ કરાતા તેઓ પોતાના ગામ બામરોલી ખાતે આવી પહોંચ્યા હતા. ભારે શોધખોળ પછી બોડેલી પોલીસને બનાવ અંગે જાણ કરતા પોલીસે હિમાંશુ ના અપહરણ થયા અંગેની એફઆઈઆર નોંધી હતી. બીએનએસ કલમ 137 (2) હેઠળ અજાણ્યા શખ્સ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

બોડેલી પી.આઈ. વાઢેર સહિત પોલીસ સ્ટાફ તપાસમાં જોતરાયો હતો. દરમિયાન પોલીસ તપાસમાં બામરોલી ગામના બામણ ફળિયામાં આવેલ એક ખેતરના કૂવામાં મૃતદેહ જોવા મળ્યો હતો. આ મૃતદેહ અપહરણ કરાયેલા હિમાંશુનો હતો. ચાર દિવસ પહેલા ગુમ થયેલા હિમાંશુ નો મૃતદેહ કૂવામાંથી મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

13 વર્ષના માસુમે કોનું શું બગાડ્યું હોઈ શકે?

બામરોલીની પ્રાથમિક શાળામાં ભણતા માત્ર 13 વર્ષના હિમાંશુ રાઠવાનો કૂવામાંથી શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો છે. હિમાંશુના મૃતદેહ પર કમરના ભાગે લોખંડના તાર બાંધેલા હતા. જે પરથી તેની પર કોઈક અત્યાચાર કરાયો હોઈ શકે છે. તે સાથે જ આ વિસ્તારમાં 13 વર્ષના માસુમનું કાસળ કાઢી નાખવા માટે આટલો અત્યાચાર કેમ કરાયો? 13 વર્ષના માસુમે કોનું શું બગાડ્યું હોઈ શકે? તેવી ચર્ચાઓ ઠેર ઠેર સંભળાઈ રહી છે.

માત્ર ઉત્પાદનલક્ષી એકમોએ જ છ-માસિક 85%નું રીટર્ન 07 દિવસમાં મોકલવુ ફરજીયાત

(પ્રતિનિધી) વડોદરા તા.1 વડોદરા જીલ્લાની હદમા આવેલ જાહેર (સરકારી) અને ખાનગી સસ્થાઓને રોજગાર વિનિમય કચેરી (સી.એન.વી.) એક્ટ-૧૯૫૯ અને નિયમ ૧૯૬૦નું પાલન કરવું ફરજીયાત છે. જે અંતર્ગત વડોદરા શહેર-તાલુકા-જીલ્લામાં આવેલા જાહેરક્ષેત્રની તમામ તેમજ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની કચેરીઓ તેમજ બોર્ડ,નિગમ, કંપની તેમજ ખાનગીક્ષેત્ર (સેવા,ઉત્પાદન અને વેપાર)નાં એકમો-સસ્થા જેવા કે કારખાના, ઓફીસ, શાળા-કોલેજો, હોસ્પિટલ, હોટેલ, પેટ્રોલપંપો, મોલ, શોરૂમ, બેન્કો, એન.જી.ઓ., ટ્રસ્ટ તેમજ તમામ આઉટસોર્સ અને કોન્ટ્રાક્ટર એજન્સીઓએ ત્રિમાસિક ઈ.આર.-૧ રીટર્ન ૩૦ દિવસમાં તેમજ માત્ર ઉત્પાદન લક્ષી એકમોએ જ છ-માસિક ૮૫%નું (સ્થાનિક-બિનસ્થાનિક) રીટર્ન ૦૭ દિવસમાં મદદનીશ નિયામક રોજગારનીકચેરી, વડોદરાને મોકલવુ ફરજીયાત છે.

નડિયાદ પશ્ચિમ પોલીસે થર્ટી ફર્સ્ટ ની રાત્રે દારૂ પીધેલા ૮ ઈસમોને ઝડપી પાડ્યા

(પ્રતિનિધી) નડિયાદ,તા.૧ નડીયાદ પશ્ચિમ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થર્ટી ફર્સ્ટની રાત્રે દારૂ પીને રખડતા ૮ ઈસમોને પશ્ચિમ પોલીસે ઝડપી પાડ્યા હતા.દારૂ પીને લથડીયા ખાતા ભરતભાઈ ઉર્ફે રાણા સોમાભાઈ મારવાડી રહે. નડીયાદ રાજીવ નગર ટેલિફોન એક્ષચેન્જ પાસે પીજ રોડ નડીયાદ,દેવેન્દ્રભાઈ કાન્તીભાઈ જાણાજી મારવાડી, ગોપાલભાઈ મનુભાઈસોલંકી, કિરીટભાઈ બાબુભાઈ તરસીભાઈ પટેલીયા, હાર્દીકભાઈ બાબુભાઈશંકરભાઈ રાઠોડ, મેહુલભાઈ ભીખાભાઈ પરમાર,સહિત છ નશાખોરોનેઝડપી પાડ્યા હતા.આ ઉપરાંત દારૂ પી વાહન ચલાવતા મહેશભાઈ રમેશભાઈ ફુલાભાઈ ઝાલા હાલ રહે. ટુંડેલ લાલભાઈની ખરી સામે, મૂળ રહે.માંઇ મંદીર રોડ,નડીયાદ તેમજ ભરતભાઈ કાન્તીભાઈ પરમાર રહે. ઉતરસંડા ચોકડી વિકાસ વિલા પાસે ખેતરમાં, તા.નડીયાદ મેં ઝડપી પાડ્યા હતા.

બેંગ્લોરમાં જૈન શાંતામણી કલા કેન્દ્ર દ્વારા ફોટોગ્રાફી સ્પર્ધા યોજાઇ

શહેરના ફોટોગ્રાફર ધર્મેશ રાજપૂતને 'જ્યુરી ચોઈસ સ્પેશિયલ એવોર્ડ' મળ્યો

(પ્રતિનિધી) વડોદરા, તા.1 બેંગ્લોર ખાતે જૈન શાંતામણી કલા કેન્દ્ર દ્વારા આયોજિત ઈન્ડિયન ઈન્ટરનેશનલ આર્ટ એન્યુઅલ એક્ઝિબિશન 2024 અંતર્ગત બેસ્ટ ફોટોગ્રાફી સ્પર્ધાનું તારીખ 28, 29 અને 30 ડિસેમ્બર, 2024ના રોજ આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા નોલેજિયન એકેડેમી, જવાહર નગર, 8 બ્લોક, બેંગ્લોર ખાતે રાખવામાં આવી હતી.

આ ફોટોગ્રાફી સ્પર્ધામાં સંસ્કારી નગરી વડોદરાના ફોટોગ્રાફર ધર્મેશ રાજપૂતે કેમેરામાં કંડારેલી તસ્વીર અમદાવાદના મોઢેરા સ્થિત સૂર્યમંદિરની ઐતિહાસિક વાવની ફોટોગ્રાફી પસંદગી પામી હતી. જેને બેસ્ટ કમ્પોઝિશન જ્યુરી ચોઈસ સ્પેશિયલ એવોર્ડ એનાયત થયો હતો. આ પ્રસંગે શહેરના ફોટોગ્રાફર ધર્મેશ રાજપુતને પ્રમાણપત્ર આપી સાલ ઓઢાડી, મોમેન્ટો ગિફ્ટ આપી સન્માન કરવામાં આવ્યું હતું.

પેરોલ ફર્લો સ્કવોડ ખેડા પોલીસે દારૂના ગુનામાં ફરાર આરોપીને ઝડપી પાડ્યો

(પ્રતિનિધી) નડિયાદ,તા.૧ ખેડા ટાઉન પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં સંડોવાયેલ આરોપી ઘણા સમયથી નાસતો ફરતો હતો.આ આરોપીને ખેડા પેરોલ ફર્લો પોલીસે કચ્છમાંથી ઝડપી પાડી ખેડા ટાઉન પોલીસને સોંપેલ છે. પેરોલ ફર્લો સકવોડ ખેડા પોલીસને બાતમી મળેલ કે ખેડા ટાઉન પોલીસ સ્ટેશનના દારૂના ગુનામાં સંડોવાયેલ નાસતો ફરતો આરોપી નરપતસિંહ રાજપુત (રહે.લાંભા, અસલાલી) કચ્છ જિલ્લામાં નખત્રાણાથી માતાના ગઢ તરફ જવાના રસ્તા પર આવેલ જય માતાજી ઢાંબા પર રહે છે.જેથી પોલીસે કચ્છમાં જઈ માતાના મઢ રોડ ઉપર આવેલ જય માતાજીના ઢાંબા પર રહેતા ઈસમની પૂછપરછ કરતા નરપતસિંહ નેતા સિંહ ભેરુસિંહ રાજપુત (રહે. લાંભા, અસલાલી મૂળ રહે.બાકસર જિલ્લો બાડમેર રાજસ્થાન હાલ રહે. કચ્છ નખત્રાણા થી માતાજીના મઢ રોડ ઉપર) હોવાનું જણાવ્યું હતું.

મરાલા નહેર ઉપર કારમાં અજાણ્યો ઈસમ આવ્યો

કપડાં ધોતી મહિલાના કાન ખેંચી સોનાના ઘરેણાંની ચોરી

ભર બપોરે કારમાં આવેલ અજાણ્યો યુવાન કાનના ઘરેણાં ચોરી નાસી ગયો

સોનાના વેડલા નંગ બે અડધા તોલાના મળી કુલ રૂ.૭૦,૦૦૦ની ચોરી કરી

(પ્રતિનિધી) નડિયાદ, તા.૧ માતર તાલુકાના મરાલા નેહર પર બપોરે કારમાં આવેલ અજાણ્યો ઈસમ કપડાં ધોતી મહિલાના કાન ખેંચી સોનાના ઘરેણાં નં.૩ કિંમત રૂ.૭૦ હજાર ના તોડી ચોરી કરી ગાડીમાં બેસી નાસી ગયો હતો. આ બનાવ અંગે લીંબાસી પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

માતર તાલુકાના મરાલામાં રહેતી કંકુબેન ખેંગારભાઈ ભરવાડ અને તેમના દીકરાની વહુ મધુબેન આજે બપોરે સવા વાગ્યાના સુમારે નહેરના ગરનાળા ઉપર કપડા ધોવા ગયા હતા. આ દરમિયાન રણાસર તરફથી સફેદ સ્વીફ્ટ ગાડી આવી માલાવાડા ત્રાણજા રોડ ઉપર ગઈ હતી. થોડીવારમાં આ ગાડી પરત આવી ગરનાળાથી થોડે દૂર ઊભી રહી હતી. આ ગાડીમાંથી ૨૫ વર્ષના આસરાનો શરીરે શ્યામ રંગનો, દાઢી ધરાવતો છીકણી,સફેદ અડધી બાયનું શર્ટ તેમજ કાળુ પેન્ટ પહેરેલ યુવક આવી કપડાં ધોતા કંકુબેન ભરવાડના કાન ખેંચી તેમના કાનમાં પહેરેલ સોનાના પોંખા નંગ ૧ પોણા તોલાના તેમજ સોનાના વેડલા નંગ બે અડધા તોલાના મળી કુલ રૂ.૭૦,૦૦૦ ના ચોરી કરી ગાડીમાં બેસી નાસી ગયો હતો. કંકુબેનની પુત્ર વધુએ દોડી તેનો પીછો કરેલ પરંતુ હાથમાં આવેલ નહીં. આ બનાવ અંગે કંકુબેન ખેંગારભાઈ ભરવાડની ફરિયાદ આધારે લીંબાસી પોલીસે ગુનો નોધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

અગાઉ યુવતીના પિયરીયા દ્વારા યુવતીનું અપહરણ કરાયું હતું

કોર્ટ મેરેજ કરી લેનાર પુત્રીને ધમકી આપનાર પિતા સામે ફરિયાદ

યુવતીના પિતા, ભાઈ સાથે આવીને યુવતીને તેની મરજી વિરૂધ્ધ વતનમાં લઈ ગયા હતા

યુવતીના પતિના ટાંટિયા ભાંગી નાંખીને જાનથી મારી નાંખવાની ધમકી

પિતાએ કહ્યું હતું તારો પતિ છેલ્લા આઠ મહિનાથી તારો પગાર ખાય છે, કહીને ગાળો આપી

(પ્રતિનિધી) ઝઘડિયા તા.1 ઝઘડિયા તાલુકાના રાજપારડી ગામે રહેતી પરિણિત યુવતીએ તેના બોટાદ જિલ્લાના ગઢડા ખાતે રહેતા પિતાએ તેણીના પતિને જાનથી મારી નાંખવાની ધમકી આપી હોવાની પોલીસ ફરિયાદ લખાવી હતી. મુળ બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાની બિનાબા નામની યુવતી ઝઘડિયા તાલુકાના આમલઝર ગામે શિક્ષિકા તરીકે નોકરી કરે છે. આ યુવતીએ ગત તા.28 માર્ચ 2024ના રોજ રાજપારડીના બિમલશરણ સુરેશભાઈ પટેલ નામના યુવક સાથે માતા-પિતાની વિરૂધ્ધ જઈને કોર્ટ મેરેજ કર્યા હતા. જેના પગલે

યુવતીના પિતા, ભાઈ સાથે આવીને યુવતીને તેની મરજી વિરૂધ્ધ વતનમાં લઈ ગયા હતા. તે સમયે યુવતીના પતિ બિમલશરણ પટેલે રાજપારડી પોલીસમાં પત્નીના અપહરણની ફરિયાદ લખાવી હતી. દરમિયાન હાલમાં તા.28મીના રોજ ઉપરોક્ત બાબતની રીષ રાખીને યુવતીના પિતાએ યુવતીને ફોન કરીને કહ્યું હતું કે એકટિવા મોપેડ છે તેની આરસી બુક તારી પાસે છે તે મને આપી દે. યુવતીએ આરસી બુક આપવાનીના પાડતા તેના પિતાએ કહ્યું હતું કે તારો પતિ છેલ્લા આઠ મહિનાથી તારો પગાર ખાય છે. તેમ કહીને ગાળો બોલીને યુવતીના પતિના ટાંટિયા ભાંગી નાંખીને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. આ સંદર્ભે યુવતીએ તેના પિતા બાબાભાઈ અનકભાઈ ગોવાળીયા રહે.ગામ ધ્રૂપણીયા તા.ગઢડા જિ.બોટાદના વિરૂધ્ધ રાજપારડી પોલીસમાં ફરિયાદ લખાવતા પોલીસે ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી હતી.

રાજપારડી ગ્રામ પંચાયતે વેરા નહિ ઘટાડાતા પંચાયત સભ્યે વિરોધ વ્યક્ત કર્યો

(પ્રતિનિધી) ઝઘડિયા તા.1 ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકાની રાજપારડી ગ્રૂપ ગ્રામ પંચાયતના વોર્ડ નંબર-2ના સદસ્યએ ગ્રામ પંચાયત દ્વારા વેરા નહિ ઘટાડાયા હોવાની વાતે વિરોધ વ્યક્ત કરતા ચકચાર મચી જવા પામી હતી. તા.31મીના રોજ રાજપારડી ગૃપ ગ્રામ પંચાયતની યોજાયેલ સામાન્ય બેઠકમાં પંચાયતના વોર્ડ-2માં સભ્ય તરીકે ચુંટાયેલા સદસ્યે આક્ષેપ કર્યો હતો કે, ગ્રામ પંચાયતના અગાઉના સરપંચે મનફાવે તે રીતે વેરા વધાર્યા હતા. રાજપારડીના ગ્રામજનો આ વધેલા વેરાથી થાકી ગયા હતા. ત્યારે ચુંટણીમાં હાલની સત્તાધારી પેનલને ખોબે-ખોબે મત આપીને જીતાડ્યા હતા. પરંતુ ત્યારબાદ ગ્રામ પંચાયત દ્વારા વેરા ઘટાડાયા નથી. આ બાબતે રજુઆત કરવા છતાં કોઈ ધ્યાન લેવામાં આવ્યું નથી તેમ જણાવી આક્ષેપો કરતા આ વાતે પંથકમાં ચકચાર મચી જવા પામી હતી.

મહેમદાવાદ તાલુકાના કતકપુરાના

ખેડૂતને વ્યાજ સહિતના નાણાં ભરપાઈ નહીં કરે તો પત્ની અને બાળકોને ઉઠાવી જવાની ધમકી

ખેડા ટાઉન પોલીસે ઊંચા વ્યાજે નાણાં આપનાર ઈસમો સામે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.૧ મહેમદાવાદ તાલુકાના કતકપુરા ગામે મુવાડી કેનાલ રોડ પર નિલેશભાઈ ભીખાભાઈ પટેલ પરિવાર સાથે રહે છે. તેઓ ખેતીકામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. આ નિલેશભાઈ પટેલ નાણાકીય મુશ્કેલી માં મુકાતા એક પછી એક એમ કુલ ૯ જેટલા લોકો પાસેથી વ્યાજે રૂપિયા લીધા હતા. જેમાં હર્ષદભાઈ મૂળજીભાઈ પટેલ (રહે.કતકપુરા) પાસેથી રૂ. ૨૩ લાખ ૫% લેખે વ્યાજે લીધેલા, કાભઈભાઈ શકરાભાઈ ગોહેલ (રહે. છાપરા, તા.મહેમદાવાદ) પાસેથી રૂ.૧૦ લાખ ૫ % વ્યાજે લીધેલા, જશુભાઈ કનુભાઈ ગોહેલ (રહે. જીવાપુરા, તા.મહેમદાવાદ) પાસેથી રૂ.૫ લાખ ૫ % લેખે વ્યાજે લીધેલા, ભીખાભાઇ ઉદાભાઈ ગોહેલ પાસેથી રૂ.૩,૫૦,૦૦૦ ત્રણ મહિનાના ઉચ્ચક વ્યાજ રૂ. ૫૦ હજાર લેખે વ્યાજે લીધેલા, રમેશભાઈ શંકરભાઈ ઠાકોર પાસેથી રૂ. ૪ લાખ ૭ ટકા લેખે, વિષ્ણુભાઇ પુનમભાઇ વાઘેલા (રહે. બોડીરોજી) ત્રણ મહિનાના ઉચ્ચક વ્યાજે રૂપિયા ૫૦ હજાર લેખે વ્યાજે લીધેલા, વિજયભાઇ ગોવિંદભાઈ પાસેથી રૂ.૪.૫ લાખ ૬% લેખે વ્યાજે લીધેલા, ટીનાભાઈ ફૂલાભાઈ ગોહેલ પાસેથી ૧,૦૦,૦૦૦ ૫ ટકા વ્યાજે લીધેલા અને જાડાભાઈ ઉર્ફે મહેન્દ્રભાઈ ભીખાભાઈ ગોહેલ પાસેથી રૂ.૩ લાખ ૫ ટકા વ્યાજે લીધા હતા. આ તમામ વ્યાજે નાણાં આપનાર આરોપીઓએ ઉંચા દરે વ્યાજ વસુલ કરેલ હોય નિલેશભાઈની આર્થિક સ્થિતિ ખરાબ થઈ ગઈ હતી. તેઓએ વ્યાજના પૈસા ન આપતા આ તમામ લોકો રૂપિયા વ્યાજ સહિત વસૂલ કરવા માટે નિલેશભાઈને અવારનવાર ફોન કરી ધમકી આપતા હતા.અને જો રુપિયા નહીં આપો તો, પત્ની અને બાળકોને ઉઠાવી લઈ જઈ જવાની ધમકી આપતા હતા તેમજ પત્ની પર માનસિક ત્રાસ ગુજારતા હોવાનું જણાવ્યું છે. આ બનાવ સંદર્ભે નિલેશભાઈ ભીખાભાઈ પટેલની ફરિયાદ આધારે ખેડા ટાઉન પોલીસે હર્ષદભાઈ મૂળજીભાઈ પટેલ,કાભાઈ ભાઈ શકરાભાઈ ગોહેલ, જશુભાઈ કનુભાઈ ગોહેલ, ભીખાભાઈ ઉદાભાઇ ગોહેલ,રમેશભાઈ શંકરભાઈ ઠાકોર, વિષ્ણુભાઈ પુનમ વાઘેલા, વિજયભાઈ ગોવિંદ, ટીનાભાઇ ફુલાભાઈ ગોહેલ, મહેન્દ્ર ઉર્ફે જાડા ભાઈ ભીખાભાઈ ગોહેલ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

કામગીરી કપડવંજના પીરોજપુર ગામે જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવે કામગીરીનું નિરીક્ષણ કર્યું

200 ઊંટોની વિનામુલ્યે સારવાર કરી રસી અપાઈ

ઊંટોને ચકરી, કૃમિ અને ચામડીના રોગો સામે રસી આપવાની કામગીરી શરૂ

(પ્રતિનિધી) કપડવંજ, તા.1 પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ પશુપાલન વિભાગ, ખેડા જિલ્લા પંચાયત તથા કપડવંજ પશુ દવાખાના દ્વારા અંતરિયાળ વિસ્તાર વાત્રક નદી અને માજમ નદીના સંગમ સ્થાને આવેલા પીરોજપુર (લાલ માંડવા) ગામે માલધારી સમાજના તમામ ઊંટોને એક જ સ્થળે ભેગા કરી તમામ કચ્છી, મારવાડી, માલવી ઊંટોને ચકરી, કૃમિ અને ચામડીના રોગો સામે રસી આપવાની કામગીરી કરવામાં આવી. જે અંતર્ગત ૨૦૦ ઊંટોની સારવાર વિનામુલ્યે કરવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર અમિત પ્રકાશ યાદવે કામગીરીનું નિરીક્ષણ કરી જરૂરી માર્ગદર્શન આપ્યુ હતુ. વધુમા તેમણે કઠલાલ પશુ દવાખાનુ, કપડવંજનું ઐતિહાસિક પશુ દવાખાનુ અને નિરમાલી પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રની મુલાકાત લઈ દફતર તપાસણી કરી હતી અને વ્યવસ્થાઓથી માહીતગાર થયા હતા. આ પ્રસંગે હાલ ચાલતા પશુ વસ્તી ગણતરી કાર્યક્રમ અંતર્ગત પશુપાલકોના પશુઓની ગણતરીની કામગીરી સમય મર્યાદામાં પૂર્ણ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું. આ કાર્યક્રમમાં જિલ્લા કલેકટર અમિત પ્રકાશ યાદવ, જિલ્લા વિકાસ અધિકારી એસ.ડી.વસાવા, વિભાગીય સયુંકત પશુપાલન નિયામક, અમદાવાદ ડૉ.બ્રહ્મક્ષત્રીય, કપડવંજ પ્રાંત અધિકારી, ઝાલા, નાયબ પશુપાલન નિયામક, ડૉ. ડી.એલ. મનાત, ડૉ. એમ.એલ.રબારી, ડૉ. બી.એમ.સોલંકી, તથા પશુધન નિરીક્ષકઓ તથા તમામ પશુપાલન સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

ગુજરાતમિત્ર

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' વડોદરા પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર, પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

સરનામુ :- 28/29, બીજો માળ, હિરાવંતી ચેમ્બર્સ, આર્યકન્યા મહાવિદ્યાલય સામે, કારેલીબાગ, વડોદરા. (ફોન : 0265-2462584)

આપ અમને ઈ-મેલ પણ કરી શકો છો! gmbrdpressnote@gmail.com